વાદીની આંક–૦૫ ની અરજી નીચે હુકમ –

૧. આ કામેના વાદી દ્વારા આ કામેના પ્રતિવાદીઓ સામે જ્ઞાપન અને મનાઈ હુકમ મળવા હાલનો દાવો કરવામાં આવેલ છે. દાવા સાથે વાદી દ્વારા આંક–૦૫ ની હાલની વચગાળાની મનાઈ હુકમની અરજી દીવાની કાર્યરીતિ અધિનિયમની કલમ–૧૫૧ તથા આદેશ–૩૯, નિયમ–૧, ૨ અન્વયે લાવી, નીચે મુજબની દાદ માંગવામાં આવેલ છે.

દાદઃ– ૧. વાદ ગ્રસ્ત ખેતીની જમીન જામનગર જિલ્લા ના જામજોધપુર તલુકા ના ગઢકડા ગામની 'શેડ્યુલ–એ' વાળી ગઢકડા ગામની જેના નવા ખાતા નં. ૩૨૦ જેના નવા રે. સ. નં. ૨૭ તથા ૨૮ વાળી જેનુ ક્ષેત્રફળ ૧–૭૬–૫૩ આરે ચો.મી. આકાર રૂ.૩.૦૬ પૈસા વાળી ખેતીની જમીન માં પ્રતિવાદીઓ પોતે કે, તેના માણસો, એજન્ટો, નોકરો, મજુરો, પ્રવેશ કરે નહી કે કરાવે નહી તેઓ કામચલાઉ વચગાળા મનાઈ હુકમ દાવા આખરી નીકાલ સુધી પ્રતિવાદી પર મનાઈ હુકમ ફરમાવવા અરજ છે.

દાવા તથા અરજીની હકીકતઃ–

૨. આ કામે વાદી દાવા દરમ્યાન મનાઈ હુકમની અરજી ની હકીકતો જોવામાં આવે તો મુખ્યત્વે જણાવે છે કે, અમો વાદી જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના ગઢકડા ગામે બાપ–દાદાના વખત થી રહીએ છીએ. ખેતીકામ કરી છીએ. અમો વાદીના પિતા શ્રી નુ નામ "અલારખાભાઈ ઈસ્માઈલભાઈ સંધી" તેના નામે ખેતીની જમીન જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના ગઢકડા ગામે જૂના ખાતા નં. ૫૧ થી જેતે ક્ષેત્રફળ રે.સ. નં. ૬૩/૨ ૬ થી ખેતીની જમીન જેનું ક્ષેત્રફળ હેક્ટર ૩–૬૩–૯૨ આ. રે. ચો. મી. જેના એકર ૯=૨૩ ગુ. થી આવેલ જેમાંથી અમો વાદીને મૌખિક રીતે મારા પિતાશ્રી એ જેના રે. સ. નં. ૬૩/૨ ક નો પૂર્વ બાજુનો આશરે ૧૧ વીઘા અમો વાદીના પિતાશ્રી અલારખાભાઈ ઈસ્માઈલભાઈ પિતા શ્રી એ અમોને આપેલ અને બીજો

પશ્ચિમ બાજુનો ભાગ મારા ભાઈ "શ્રી સાદીકભાઈ અલારખાભાઈ ઘોઘા" ને ૧૧ વીઘા જેટલી જમીનભાગમાં આપેલ અને જૂના રેવન્યુ સર્વે નં. ૬૩/૨૬ ની પૂર્વ બાજુનો ૧૧ વિઘાનો જમીનનો ભાગ અમો વાદીને ૧૧ વર્ષ પહેલા આપેલ અને ત્યારથી અમો વાદી તેમ ખેતી કામ કરીએ છીએ.

(૨.૧) અમો વાદીને સગા સંબધીઓ દ્વારા જાણવા મળેલ કે મારા ભાગની ખેતીની જમીન નો વેચાણ દસ્તાવેજ થયેલ છે. અને તેથી અમો વાદીએ તપાસ કરેલ અને અમારી આ ખેતીની જમીન અંગેના કાગળો ની તપાસ કરેલ તો અમોને જાણવા મળેલ કે દસ્તાવેજ થયેલ છે. અને અમોને ઘરમાંથી તપાસ કરતાં અદલા–બદલા નો સમજૂતી કરાર મળી આવેલો અને જાણવા મળેલ કે, અમો વાદીના પિતાશ્રીની હયાતીમાં રૂપિયાની જરૂરત પડેલ તેથી વ્યાજે રૂ. ૫૦,૦૦૦/– અંકે રૂ. પચાસ હજાર પુરા, જામનગરના રહેવાશી શ્રી ભીમશીભાઈ મુરુભાઈ ભાટ્ટુ એટલે કે પ્રતિવાદી નં. ૧ ના પિતા પાસેથી લીધેલ હતા. વ્યાજે લીધેલ રૂપિયાના બદલામાં આધાર માટે અમો વાદી ના પિતા શ્રી એ ગઢકડા ગામે આવેલ જૂના ખાતા નં. ૫૧ ના રેવન્યુ સર્વે નં. ૬૩/૨ ક પૈકી ની પૂર્વ બાજુના ભાગ માંથી હે. ૦–૮૦–૯૪ આરે ચો. મી. વાળી ખેતીની જમીનનો ફક્ત આધાર માટે તા. ૦૧–૦૨–૨૦૦૮ ના રોજ નો પહેલો વેચાણ દસ્તાવેજ કરી આપેલ.

(૨.૨) વધુમાં જણાવે છે કે, ત્યાર બાદ અમો વાદીના પિતાશ્રી તથા પ્રતિવાદી નં. ૧ વાળા ના પિતાશ્રી ભીમશીભાઈ મુળુભાઈ ભાટ્ટુ સાથે ખેતીની જમીનનો અદલા–બદલા નો સમજૂતી કરાર તા.૧૧–૧૧–૨૦૦૮ ના રોજ થયેલ જેમાં અમો વાદીના પિતાશ્રી પ્રતિવાદી નં. ૧ વાળા ના પિતાશ્રી ને કુલ મળીને ૧૧ વીઘા જમીન આપવાનું નક્કી થયેલ અને પ્રતિવાદીના નં. ૧ ના પિતાશ્રી એ અમો વાદીના પિતાશ્રી ને ૮ વિઘા જમીન આપવાનુ નક્કી થયેલ અને પ્રતિવાદી નં. ૧ વાળા ના પિતાશ્રી લખી આપી બંધાયેલ કે, ગઢકડા ગામની ખેતીની જમીન આમદભાઈ લાખાભાઈ પાસેથી ખરીદેલ તરખૂણિયા વાડી તથા બીજી

ખેતીની જમીન કુલ જમીન ૮ વીઘા અમો વાદીના પિતાશ્રી ને આપવા અંગે બંધાયેલ હતા. અને ત્યારે જમીનનો કબજો સૌ સૌ ની પાસે હતો અને અદલો–બદલો કરશે તો રૂ.૧,૯૫,૦૦૦/–મારા પિતાશ્રી જે ભીમશીભાઈ મુરુભાઈ ભાટુ ને આપવાના ખરી હકીકતે મારા પિતાશ્રી એ રૂા. ૫૦,૦૦૦/– વ્યાજે લીધેલ રકમ તથા તેનું વ્યાજ વ્યાજના આપવાનું નક્કી થયેલ હતું. અને આ અદલો–બદલો ૧૮ માસ ની સરત મૂજબ કરેલ હતો. તે જ દિવસે તા. ૧૧–૧૧–૨૦૦૮ ના રોજ અમો વાદીના પિતાશ્રી એ ગઢકડા ગામ ના જૂન રેવન્યુ સર્વે નં. ૬૩/૨ ક માંથી પૂર્વ બાજુની ખેતીની જમીનનું ક્ષેત્રફળ હે. ૦–૯૭–૧૨ આરે. ચો. મી નો તા. ૧૧–૧૧–૨૦૦૮ નો બીજો પાકો દસ્તાવેજ પ્રતિવાદી નં. ૧ ના પિતાશ્રી ના નામનો કરી આપેલ તેથી પ્રતિવાદીનં. ૧ ના પિતાશ્રી ને કુલ મળી ૧૧ વીઘા ખેતીની જમીનનો ફક્ત વ્યાજે આપેલ રૂપિયાના બદલામાં દસ્તાવેજો થયેલા. ત્યાર બાદ પ્રતિવાદી નં. ૧ ના પિતાશ્રી “ભીમશીભાઈ મુરુભાઈ ભાટુ" નુ તા. ૧૭–૦૨–૨૦૦૯ ના રોજ એટલે કે અદલા–બદલાના સમજૂતી પછી ૩ માસ પછી અવસાન થઈ ગયેલ તેથી ખેતીની જમીનના અદલા–બદલા ના સમજૂતી નુ પાલન થઈ શકેલ નહીં. અમો વાદીના પિતાશ્રી એ ગઢકડા ગામ ના જૂના રેવન્યુ સર્વે નં. ૬૩/૨ ક માંથી પૂર્વ બાજુની ખેતીની જમીનનું ક્ષેત્રફળ હે.૦–૯૭–૧૨ આરે. ચો. મી નો તા. ૧૧–૧૧–૨૦૦૮ નો પાકો દસ્તાવેજ પ્રતિવાદી નં. ૧ ના પિતાશ્રી ના નામનો કરી 'આપેલ ત્યારે અને તે જ તારીખે અમો વાદીના પિતાશ્રી તથા પ્રતિવાદી નં. ૧ વાળા ના પિતાશ્રી વચ્ચે સમજૂતી કરાર યાની કે, કબૂલાત નુ લખાણ પ્રતિવાદી નં.૧ ના પિતાશ્રી એ તા. ૧૧–૧૧–૨૦૦૮ ના રોજ થયેલ. ત્યારે નક્કી થયેલ કે અમારા પિતાશ્રી એ ૧૧ વીઘા જમીન આપવાની અને તેના બદલા માં પ્રતિવાદી નં.૧ ના પિતાશ્રી એ ગઢકડા ગામની "આમદભાઈ લાખાભાઈ" પાસેથી ખરીદેલ તરખૂણિયાવાડી તથા બીજી જમીન મળી કુલ જમીન ૮ વીઘા અમો વાદીના પિતાશ્રીને આપવા અંગે નો સમજૂતી કરાર પ્રતિવાદી નં.૧ ના પિતાશ્રી એ અદલા–બદલા નુ

લખાણ કરી આપેલ. ત્યારે જમીનો નો કબજો સૌ સૌ ની પાસે હતો અને અદલો–બદલો કરશે તો ૧,૯૫,૦૦૦/– મારા પિતાશ્રી જે ભીમશીભાઈ મુરુભાઈ ભાટુ ને રૂ. ૫૦,૦૦૦/– વ્યાજે લીધેલ રકમ તથા વ્યાજના આપવાનું નક્કી થયેલ. અને આ અદલો–બદલો ૧૮ માસ ની સરત મૂજબ કરેલ હતો. જેનુ લખાણ આ કામમાં રજૂ રાખેલ છે. ત્યાર બાદ પ્રતિવાદી નં. ૧ ના પિતાશ્રી "ભીમશીભાઈ મુરુભાઈ ભાટુ" નુ તા. ૧૭–૦૨–૨૦૦૯ ના રોજ એટલે કે અદલા–બદલાના સમજૂતી પછી ૩ માસ પછી અવસાન થઈ ગયેલ તેથી ખેતીની જમીનના અદલા–બદલા ના સમજૂતી નુ પાલન થઈ શકેલ નહીં. અને અદલા–બદલા વાળી 'શેડયુલ–એ' વાળી ખેતીની જમીન નો કબજો અમો વાદીના પિતાશ્રી પાસે હતો અને પ્રતિવાદી નં. ૧ ના પિતાશ્રી એ આપવાની જમીનનો કબજો તેની પાસે હતો.

(૨.૩) વધુમાં પોતની અરજી માં જણાવે છે કે, આજથી આશરે ૧૫–૨૦ દિવશ પહેલા મને વાતો વાતો ઉપરથી જાણવા મળેલ કે અમોવાદીના ભાગમાં આવેલ વાદ ગ્રસ્ત "'શેડયુલ–એ'" વાળી ખેતીની જમીન હાલમાં પ્રતિવાદી નં. ૩ વાળાએ વેચાણ દસ્તાવેજથી ખરીદેલ અને અમોને ખબર પડેલ તેથી અમોએ નાયબ કલેકટર શ્રી લાલપુર મુકામે તા. ૧૨–૦૮–૨૦૨૨ ના રોજ વાંધા અરજી કરેલ છે. ત્યારબાદ આ કામના નં. ૩ વાળા એ જમીનના બદલામાં કિંમત રૂ. ૩૮,૦૦,૦૦૦/– અંકે રૂપિયા આડત્રીસ લાખ પુરા ની પઠાણી રૂપિયાની માગણી કરેલ. અને વધુમાં કહેલ કે, ઊભા પાકમાં ગામે ત્યારે ટ્રેક્ટર ચલાવી તારી જમીનનો કબજો લઈ લઇશ. અને કોઈના બાપ થી બીતો નથી તેમ જણાવેલ જેથી હાલનો દાવો લાવેલ છે હાલ વાદગ્રસ્ત શેડયુલ–એ વાળિ ખેતીની જમીનમાં વાદીના ભાગમાં આવતા સખત મહેનત કરી ફળદ્રુપ બનાવેલ છે અને મગફળિ કપાસ અને એરંડાનુ વાવેતર કરેલ છે. પ્રતિવાદીએ વાદગ્રસત જગ્યાનો કબ્જો છીનવી લેવા મલીન ઈરાદો ધરાવે છે જેથી અમોને નાણામાં ન સુધરી શકે તેવુ નુકશાન થાય તેમ છે, અમારો પ્રથમદર્શનીય કેશ છે. અને ઈરીપેરેબલ

ઇન્જરી તેમજ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ ની દ્રષ્ટીએ પણ અમારો પ્રાયમાફેસી કેસ છે અને વાદીને મનાઇ હુકમ આપવામાં આવેતો પ્રતિવાદીને કોઇ નુકશાન જાય તેમ નથી. તેમ જણાવી દરમ્યાન મનાઇ હુકમ મળવા અરજી કરેલ છે.

3. વાદીઓ તરફે દાવા તથા દરમ્યાન મનાઇ અરજી સાથે નીચે મુજબના દસ્તાવેજો રજુ કરવામાં આવેલ છે.

વાદી તરફે લેખીત દસ્તાવેજો

અ.નં	નિશાની	દસ્તાવેજની વિગત	તારીખ
૧	૩/૧	વાદીના આધારકાર્ડની નકલ	
૨	૩/૨	અમો વાદીના પિતાશ્રી તથા પ્રતિવાદી નં.૧ વાળાના પિતાશ્રી વચ્ચે થયેલ સમજૂતી કરાર યાને કબૂલાતની નકલ	૧૧–૧૧–૨૦૦૮
૩	૩/૩	વાદ ગ્રસ્ત શેદયલ એ વાળી ખેતીની જમીનના ૮અ, ૭/૧૨,તથા હકકપત્રકોની નકલો	૧૬–૦૮–૨૦૧૮
૪	૩/૪	પ્રતિવાદી નં.૧ના પિતાશ્રી એ ખરીદેલ ખેતીની જમીનના ૮અ, ૭/૧૨,તથા હકકપત્રકોની નકલો	૧૬–૦૮–૨૦૧૮
૫	૩/૫	વાદ ગ્રસ્ત ખેતીની જમીનનો પહેલો વેચાણ દસ્તાવેજ	૦૧–૦૨–૨૦૦૮
૬	૩/૬	વાદ ગ્રસ્ત ખેતીની જમીનનો બીજો વેચાણ દસ્તાવેજ	૧૧–૧૧–૨૦૦૮
૭	૩/૭	વાદ ગ્રસ્ત ખેતીની જમીનનો ત્રીજો વેચાણ દસ્તાવેજ	૦૯–૦૭–૨૦૧૮
૮	૩/૮	વાદ ગ્રસ્ત ખેતીની જમીનનો ચોથો વેચાણ દસ્તાવેજ	૨૧–૦૮–૨૦૨૨
૯	૩/૯	અમો વાદીના પિતાશ્રીની ખેતીની જમીનના ૮અ, ૭/૧૨,તથા હકકપત્રકોની નકલો	૨૨–૦૮–૨૦૨૨
૧૦	૩/૧૦	અમો વાદીના પિતાશ્રીના મરણ ના દાખલાની નકલ	૦૪–૧૧–૨૦૧૮
૧૧	૩/૧૧	અમો વાદીએ નાયબ કલેકટર શ્રી કચેરીમાં કરેલ વાંધા અરજીની નકલ	૧૨–૦૮–૨૦૨૨

૧૨	૩/૧૨	વાદ ગ્રસ્ત ખેતીની જમીનના પંચનામની નકલ	૧૭–૦૮–૨૦૨૨
૧૩	૩/૧૩	વાદ ગ્રસ્ત ખેતીનું ઇલેકટીક વીજ કનેકશનનુ લાઇટ બિલ	૧૧–૦૭–૨૦૨૨

૪. આ કામે પ્રતિવાદીને ધોરણસર સમન્સ તથા નોટીસ બજી જતા, પ્રતિવાદી નં–૩ તેમના વિદ્ધાન વકીલશ્રી મારફતે હાજર થયેલ છે. અને આંક–૧૭ થી દાવાનો જવાબ તથા આંક–૧૮ થી દરમ્યાન મનાઇ હુકમ મળવાની અરજીનો જવાબ રજુ રાખેલ છે. જયારે પ્રતિવાદીનં–૧ તથા ૨ તરફે કોઇ જવાબ રજુ રાખેલ નથી.

<u>પ્રતિવાદી તરફે લેખિત રજુઆતઃ–</u>

૫. પ્રતિવાદી નં–૩ તરફે આંક–૧૮થી વાદીની વચગાળાની અરજીનો જવાબ રજુ રાખી જણાવે છે કે, અમો પ્રતિવાદી નં. ૩ એ પ્રતિવાદી નં. ૨ ભીમશીભાઈ અરશીભાઈ ગોધમ પાસેથી જામજોધપુર તાલુકાના ગઢકડા ગામના રે.સ.નં. ૨૭ (જુના રે.સ.નં. ૬૩/૨–ક/પૈકી ૧/પૈકીર), હે. આરે. ૦–૯૬–૩૪, આકાર રૂા. ૧–૯૫ તથા રે.સ.નં. ૨૮ (જુના રે.સ.નં. ૬૩/૨–ક/પૈકીર), હે. આરે. ૦–૮૦–૧૯, આકાર રૂા. ૧–૬૫ પૈસા વાળી ખેતીની જમીન રૂા. ૩,૦૦,૦૦૦/– પુરાના વેચાણ દસ્તાવેજથી અવેજસહ વેચાણ લીધેલ છે જેથી તેઓએ અમોને રજી. વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૧૦૮૭, તા. ૨૧/૦૬/૨૦૨૨ ના રોજ ધોરણસર સબ–રજીસ્ટ્રાર કચેરીમાં નોંધાવીને વેચાણ આપેલ છે જે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની વેચાણની વિગતો મુજબ અમોએ ધોરણસર વેચાણ લીધેલ છે.

આ કામના વાદીએ અમોએ વેચાણ લીધેલ જગ્યામાં પોતાના પિતાનો હિસ્સો હોવાની ગેરરજુઆત કરેલ છે. સદરહુ રે.સ.નં. ૨૭ (જુના ૬૩/૨–ક/પૈકી૧/પૈકીર) તથા રે.સ.નં. ૨૮ (જુના રે.સ.નં.૬૩/૨/ક/પૈકીર) વાળી જમીન અલારખા ઈસ્માઈલ સંધીએ ભીમશીભાઈ મુરૂભાઈ ભાટુને રજી. વેચાણ દસ્તાવેજોથી તા. ૦૧/૦૨/૨૦૦૮ ના રોજ વેચાણ આપેલ છે

જેની નોંધ નં. ૭૩૮ રેવન્યુ રેકર્ડમાં મંજુર થયેલ છે જે મંજુરીની વિગતો જોતા જે તે સમયે અલારખા ઈસ્માઈલએ વાંધો રજુ કરેલ જે અંગે સમાધાન થતા રૂા. ૨૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર વાંધો પરત ખેંચવાનું સોગંદનામુ વાદીના પિતાએ રજુ કરેલ છે. ત્યારબાદ વાદીના પિતાએ પોતાની હયાતીમાં અપીલ / રીવીઝન કરેલ નથી. એ સિવાય જમીનનો વહેવાર રજીસ્ટર્ડ દસ્તાવેજ મુજબ થયેલ છે જેથી દસ્તાવેજ કર્યા બાદ વેચાણ કરનારને તે જમીન પરત્વે કોઈ હકક અધિકાર રહેતો નથી. વાદીના પિતાના નામે સને ૨૦૦૮ બાદ જમીન જ ન હોય જેથી તે વાદીને આપવાનો કે કબ્જો હોવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. વાદીના પિતા પાસેથી ભીમશીભાઈ મુરૂભાઈ ભાટુએ વેચાણ લીધેલ તેઓનું અવશાન થતા સદરહુ જમીન તેઓના વારસોના નામે આવેલ જેમાંથી અન્ય વારસોએ હકક કમી કરતા સદરહુ જમીન મેરામણભાઈ ભીમશીભાઈ ભાટુના નામે આવેલ. મેરામણભાઈ ભીમશીભાઈ ભાટુએ સદરહુ રે.સ.નં. ૨૭ તથા ૨૮ વાળી જમીન ભીમશીભાઈ અરશીભાઈ ગોધમને રજી. વેચાણ દસ્તાવેજ અ.નં. ૯૪૦, તા. ૦૯/૦૭/૨૦૧૮ થી વેચાણ આપેલ. આમ ગઢકડા ગામના રે.સ.નં. ૨૭ તથા ૨૮ નો રેવન્યુ રેકર્ડ એકમાત્ર ભીમશીભાઈ અરશીભાઈ ગોધમના સ્વતંત્ર માલીકી કબજે ભોગવટે આવેલ અને અમોએ ભીમશીભાઈ ગોધમ પાસેથી સદરહું ખેતીની જમીન રજી. વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૧૦૮૭, તા. ૨૧/૦૬/૨૦૨૨ ના રોજ ધોરણસર વેચાણ લીધેલ છે. ઉપરોકત વિગતે રેવન્યુ રેકર્ડમાં સંબંધિત નોંધો પડેલ છે જેમાં વાદીએ નોંધ નં. ૧૨૩૦ પહેલા કોઈ વાંધા, તકરાર લીધેલ નથી કે કાર્યવાહી કરેલ નથી.

વાદીના સમગ્ર દાવામાં જણાવેલ તમામ હકીકતો એકમાત્ર હાલનો દાવો લાવવાના કારણસર ઉભી કરેલ છે. વાદીની હકીકતો તેમજ રેવન્યુ રેકર્ડની સ્થિતિ અલગ અલગ છે. સને ૨૦૦૮ ના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અંગેની તકરાર સને ૨૦૨૨ માં લાવેલ છે

જેથી પણ વાદીનો દાવો કે વચગાળાના મનાઈહુકમની અરજી ટકવાપાત્ર નથી. પ્રતિવાદી નં. ૩ ની સ્વતંત્ર માલીકી કબ્જા ભોગવટાની જમીનમાં વાદીનો કોઈ હકક હિસ્સો સમાયેલ નથી જેથી તે જમીનમાં વાદીનો કબ્જો હોવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

અમે પ્રતિવાદી નં. ૩ એ પ્રતિવાદી નં. ૨ ભીમશીભાઈ અરશીભાઈ ગોધમ પાસેથી જામજોધપુર તાલુકાના ગઢકડા ગામના રે.સ.નં. ૨૭, હે. આરે. ૦–૯૬–૩૪ તથા રે.સ.નં. ૨૮, હે, આરે. ૦–૮૦–૧૯ પૈસા વાળી ખેતીની જમીન રૂા. ૩,૦૦,૦૦૦/– પુરાના વેચાણ દસ્તાવેજથી અવેજસહ વેચાણ લીધેલ છે જેથી તેઓએ અમોને રજી. વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૧૦૮૭, તા. ૨૧/૦૬/૨૦૨૨ ના રોજ ધોરણસર સબ–રજીસ્ટ્રાર કચેરીમાં નોંધાવીને વેચાણ આપેલ છે જે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની વેચાણની વિગતો મુજબ અમોએ ધોરણસર વેચાણ લીધેલ છે જે વેચાણ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમાં નોંધ નં. ૧૨૩૦ થી દાખલ થતા વાદીએ ગેરકાયદેસરની તકરાર ઉત્પન્ન કરતા તકરારી કેસ નં. ૨૯/૨૦૨૨ થી પ્રાંત અધિકારીશ્રી, લાલપુરએ બન્ને પક્ષકારોને સાંભળીને તા. ૦૭/૦૯/૨૦૨૨ ના રોજ વાદીની વાંધા અરજી નામંજુર કરી વેચાણની નોંધ પ્રમાણીત કરવા હુકમ કરેલ છે. સદરહું ખેતીની જમીન અમારા સ્વતંત્ર માલીકી કબ્જે ભોગવટે છે જે અન્વયે વાદીએ આજસુધી સક્ષમ અધિકારી રૂબરૂ કોઈ અપીલ / રીવીઝન દાખલ કરેલ નથી. વાદીએ પ્રતિવાદી નં. ૩ ની જમીનમાં હકક હિત ઉભો કરવા કાયદા વિરૂધ્ધની ખોટી હકીકતો ઉભી કરી અમારી ઉપર દબાણ લાવી પૈસા પડાવવા હાલનો તદન ખોટો દાવો લાવેલ છે. અમોએ અવેજસહ વેચાણ લીધેલ જમીનમાં તેઓનો કોઈ હકક અધિકાર ન હોવા છતાં નામદાર કોર્ટમાં દાવો કરવાના હેતુસર તમામ હકીકતો છુપાવીને તદન ખોટી હકીકતો જણાવેલ છે.

જયાં અધિકાર હોય ત્યાં ઉપચાર મળે. વાદીને લીગલી કોઈ રાઈટ જ ન હોય ત્યાં કોઈ ઉપચાર કે પ્રોટેકશન મળી શકે નહી કે

અસાધારણ સ્વરૂપના ખોટા દાવા અને અરજીમાં જણાવેલ વિગતે દાદ મંજુર કરી શકાય નહી.

ઉપરોકત વચગાળાના મનાઈહુકમની અરજીના જવાબની વિગતો તથા દસ્તાવેજી પુરાવો રૂબરૂની રજુઆતો ધ્યાને લઈ વચગાળાના મનાઈહુકમની અરજી રદ કરવા અમોને ખોટી રીતે હેરાન કરવા બદલ વાદી પાસેથી ખાસ ખર્ચ અમોને અપાવવા અરજ કરેલ છે.

પ્રતિવાદી તરફે લેખીત દસ્તાવેજો

ક્રમ	નિશાની	દસ્તાવેજની વીગત	તારીખ
૧	૧૯/૧	રજી. દસ્તાવેજ નં. ૧૦૮૭	૨૧/૦૬/૨૦૨૨
૨	૧૯/૨	પ્રાંત અધિકારી શ્રી તકરારી ૨૯/૨૨નો હુકમ	૨૭/૦૯/૨૦૨૨
૩	૧૯/૩	ગઢડા ખાતા નં. ૩૩૩નો ૮–અ	૨૯/૦૧/૨૦૨૨
૪	૧૯/૪	ગઢડા ખાતા નં. ૨૭ નો ૭/૧૨	૨૯/૦૧/૨૦૨૨
૫	૧૯/૫	ગઢડા ખાતા નં. ૨૮ નો ૭/૧૨	૨૯/૦૧/૨૦૨૨
૬	૧૯/૬	ગઢડા રે.વ. ખાતા નં. ૨૭–૨૮ નો ઉતરોતર ૬ નંબર	૧૧/૧૦/૨૦૨૨
૭	૨૧/૧	કલેરટરશ્રી જામનગર દવારા રીવીઝન અરજી ૧૩/૨૩ ના કામે થયેલ હુકમ.	૨૫/૦૪/૨૦૨૩

<u>વાદી તથા પ્રતિવાદી તરફે મૌખિક રજુઆતઃ</u>–

૬. આ કામે વાદીઓ તરફે તેઓની અરજી મુજબની રજુઆત કરવામાં આવેલ છે અને વધુમાં જણાવેલ છે કે, અમો વાદી હાલ પણ વાદગ્રસત મીલ્કત પરત્વે કબ્જો ધરાવીએ છીએ . તેમાં વાવેતર કરેલ છે. વાદગ્રસત મીલ્કતનો કબ્જો કયારેય પ્રતિવાદીઓને સોંપવામાં આવેલ નથી જેથી વાદીનો પ્રથમદર્શનીય કેસ છે અને વાદીઓનો કબ્જો છીનવાઇ જાય તો વાદીની નાણા માં ભરપાઇ ન થઇ શકે તેવુ નુકશાન થાય છે તેમજ વાદી રસ્તાપર આવી જાય તેમ

હોય જેથી બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અને ઈરીપેબલ લોસનો મુદો પણ વાદીની તરફેણમા છે. અમો વાદીને દરમ્યાન હુકમ આપવામાં નહીં આવે તો, અમારા દાવાનો કોઈ અર્થ રહે તેમ નથી ઉલટાનું મનાઈહુકમ આપવાથી પ્રતિવાદીઓને કોઈપણ નુકશાન થવાનું નથી જેથી દરમ્યાન મનાઇ હુકમ આપવા અરજ કરેલ છે.

૭. પ્રતિવાદી ના વિ.વ.શ્રી રજુઆત કરી જણાવે છે કે, વાદીએ હાલની અરજી અન્વયે અસાધારણ સ્વરૂપની દાદ માંગેલ છે. વાદી પ્રથમદર્શનીય કેસ સગવડની સમતુલા અને ઈરીપેરેબલ લોસનો મુદો સાબીત કરી શકેલ નથી. વાદીના પિતાએ પ્રતિવાદી નં– ૧ ના પિતાશ્રને વાદગ્રસ્ત મીલ્કતના બે અલગ અલગ વેચાણ દસ્તાવેજો સને–૨૦૦૮ માં કરી આપેલ છે તે મુજબ કબ્જો સોંપી આપેલ છે. વાદગ્રસત મીલ્કત પ્રતિવાદીનં –૧ ના નામે રેવનયુ રેકર્ડમાં નોંધાયેલ છે. તયારબાદ સદર મીલ્કત પ્રતિવાદીનં–૨ નાઓએ વેચાણ થી લીધેલ છે. ત્યારબાદ પ્રતિવાદીનં–૩ નાએ વાદગ્રસત મીલ્કત વેચાણથી લીધેલ છે. અને રેવન્યુ રેકર્ડમાં તેના નામે થયેલ છે. પ્રતિવાદીનં–૩ નામે થયેલ નોંધ સામે વાદીએ રેવન્યુ કોર્ટમાં અપીલ કરેલ છે જે ના–મંજુર કરેલ છે. વાદી સને–૨૦૦૮ બાદ લાંબા સમય પછી હાલનો દાવો માત્ર પૈસા પડાવવા લાવેલ છે. જેથી અરજી મુજબની દાદ મળવાપાત્ર નથી. જેથી હાલની અરજી ના–મંજુર કરવા અરજ કરેલ છે.

૮. આ કામે વચગાળાની મનાઈ હુકમની અરજી નિર્ણત કરતી વખતે કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંત લક્ષમાં રાખી, આ અરજીના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ અમારી સમક્ષ ઉપસ્થિત થયેલ છે.

–મુદ્દાઓ–

૧. શું વાદીઓ પોતાનો પ્રથમદર્શનીય કેસ સાબિત કરે છે ?

૨. શું વાદીઓ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તેઓની તરફેણમાં છે તેવું સાબિત કરે છે ?

૩. શું વાદીઓ સાબિત કરે છે કે, માંગ્યા મુજબનો કામચલાઉ મનાઈહુકમ આપવામાં ન આવે તો, નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થાય તેમ છે ?

૪. શું હુકમ ?

૯. આ કામે ઉપરોક્ત મુદ્દાઓના ન્યાયિક નિર્ણયો નીચે મુજબના છે.

– <u>ન્યાયિક નિર્ણયો</u> –

૧. નકારાત્મક

૨. નકારાત્મક

૩. નકારાત્મક

૪. આખરી હુકમ મુજબ.

<u>મુદ્દા નંબર–૧ થી ૩ ની સંયુક્ત ચર્ચા</u>

૧૦. ઉપરોક્ત ત્રણેય મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલા હોય, પુનરાવર્તન ટાળવાના હેતુથી સહ સંયુક્ત ચર્ચા કરવામાં આવેલ છે.

<u>પ્રસ્થાપિત સિદ્ધાંતોઃ</u>–

૧૧. એ સર્વસામાન્ય સિદ્ધાંત છે કે, કામચલાઉ મનાઈહુકમ એ "સમન્યાય"ની દાદ છે અને સમન્યાયની દાદ મેળવવા માંગતી વ્યક્તિએ અદાલત સમક્ષ ચોખ્ખા, શુધ્ધ હાથે આવવું જોઈએ તથા રેકર્ડ પરથી ત્રણ બાબતો તેઓની તરફેણમાં સાબિત કરવાની રહે છે કે તેમનો પ્રથમદર્શનીય કેસ છે, પરંતુ પ્રથમ દર્શનીય કેસ છે તેમ સિદ્ધ કરવાથી વાદી આપો–આપ કે જાતે કામચલાઉ મનાઈહુકમ મેળવવાપાત્ર ઠરતા નથી. પરંતુ વાદીએ ત્યારબાદ એ હકીકત સંતોષકારક રીતે સાબિત કરવાની રહે છે કે, સગવડતાની તુલા વાદીની તરફેણમાં છે અને મનાઈ હુકમ આપવામાં ન આવે તો, સામાપક્ષ કરતા વાદીને વધુ આર્થિક નુકસાન જાય તેમ છે. આ ઉપરાંત અદાલતે પક્ષકારોની વર્તણૂંક તથા ડીલે અને લેચીસની હકીકતો પણ ધ્યાને લેવાની રહે છે. વધુમાં અદાલતે કામચલાઉ મનાઈ હુકમની અરજી નિર્ણીત કે નક્કી કરતી વખતે એ હકીકત પણ વિચારણામાં લેવાની રહે છે કે, કામચલાઉ હુકમની દાદનો મુખ્ય

ઉદ્દેશ, હેતુ પક્ષકારો વચ્ચેની તકરારનો નિકાલ ન થાય ત્યાં સુધી "દાવાના વિષય વસ્તુની યથાવત પરિસ્થિત જાળવી" રાખવાનો છે. એટલે કામચલાઉ મનાઈ હુકમની દાદના તબક્કે આપવામાં આવતી દાદ, દાવાની આખરી દાદના સ્વરૂપની ન હોવી જોઈએ કારણ કે, આખરી દાદ દાવાના અંતે કે આખરીમાં આપી શકાય અથવા ન પણ આપી શકાય. જ્યારે પક્ષકારો પોત–પોતાના હક્કો અંગે લડતા હોય અને તેમણે પોતાના હક્કો સ્થાયી કર્યા ના હોય તેવા વચગાળાના તબક્કે વચગાળાની દદા સાથે દાવો મંજુર થઈ જતો હોય તેવી દાદ પણ આપી શકાય નહીં. સાથે સાથે, અદાલતે એ પ્રશ્નનો પણ વિચાર કરવાનો રહે છે કે, પ્રતિવાદીને કાયદાથી મળેલ અધિકારોમાં અંતરાય કરવુ એ ખુબ જ ગંભીર બાબત છે અને મનાઈ હુકમનો નિર્ણય કરતા પૂર્વે અન્ય પક્ષકારોને થનાર નુકશાન અને પડનારી મુશ્કેલીનો પણ વિચાર અદાલતે કરવાનો રહે છે. કાયદાનો એ પ્રસ્થાપિત સિદ્ધાંત પણ લક્ષમાં લેવો જરૂરી છે કે, પ્રથમદર્શનીય કેસ અને પ્રથમદર્શનીય ટાઈટલ એ બંને હકીકતો એકબીજાથી જુદી છે અને પ્રથમદર્શનીય ટાઈટલ ઈન્સાફી કાર્યવાહીના અંતે પુરાવો લઈને નિર્ણીત કરવાનું રહે છે. વધુમાં, ઉપરોક્ત જે સિદ્ધાંતો દોહરાવવામાં આવેલા છે તે મુજબ પ્રથમદર્શનીય કેસ માટે અદાલતે એટલી હકીકત લક્ષમાં લેવાની રહે છે કે, વાદી તરફથી જે કથન કરવામાં આવેલ હોય અને વાદીની જે તકરાર હોય તેનો જવાબ આપવા માટે ઈન્સાફી કાર્યવાહી અને ન્યાયિક નિર્ણય જરૂરી છે કે કેમ ? અને વાદીનો દાવો વાહીયાત, વજુદ વગરનો અને ખોટી હકીકતના આધારે લાવવામાં આવેલ છે કે કેમ ? સાથે સાથે, અદાલતે એ બાબત પણ લક્ષમાં લેવાની છે કે, પ્રથમદર્શનીય કેસ નક્કી કરતી વખતે દાવાના ગુણદોષ ઉપર નિર્ણય આપવાનો હોતો નથી. આ તમામ સિદ્ધાંતો ધ્યાને લઈ મનાઈ હુકમ આપતી વખતે અદાલતને મળેલ વિવેકબુદ્ધિની સત્તાનો ઉપયોગ ન્યાયિક ધોરણે કરવાનો રહે છે.

ચર્ચાઃ–

<u>**પ્રથમદર્શનીય કેસઃ–**</u>

૧૨. આમ, ઉપરોક્ત પ્રસ્થાપિત થયેલા સિદ્ધાંતો લક્ષમાં લેતાં, વાદીનો પ્રથમદર્શનીય કેસ બને છે કેમ તે બાબતે ચર્ચા કરીએ તો વાદીના વકીલશ્રી પોતાની દલીલમાં મુખ્યત્વે જણાવે છે કે, વાદીના પિતા અલારખા ઇસ્માઇલ સંધીના નામે ખેતીની જમીન જામજોધપુર તાલુકાના ગઢકડા ગામે જુના ખાતા નં–૫૧ રે.સ.નં–૬૩/૨ ક જેના એકર ૯=૨૩ ગુઠા થી આવેલ જેમાથી વાદીને મોખીક રીતે તેમના પિતાશ્રીએ પુર્વબાજુનો આશરે ૧૧ વિઘા આપેલ અને પશ્ચીમબાજુનો ભાગ તેઓનાભાઇ સાદીક અલારખા ને ૧૧ વિઘા જેટલી જમીન ભાગમાં આપેલ રે.સ.નં–૬૩/૨ ક ની પુર્વબાજુનો ૧૧ વીઘાનો જમીનનો ભાગ ૧૧ વર્ષ પહેલા આપેલ તેમા વાદી ખેતી કામ કરે છે. અને હાલ પણ વાદગ્રસત જમીનનો કબ્જો ધરાવે છે. વધુમાં પોતાની દલીલમાં જણાવે કે, વાદગ્રસત રે.સ.નં–૬૩/૨ ક પૈકીની પુર્વ બાજુના ભાગમાંથી હે. ૦–૮૦–૯૪ વાળિ જમીનનો ફકત આધાર માટે તારીખ–૦૧/૦૨/૨૦૦૮ નારોજ પ્રતિવાદીનં–૧ ના પિતાને દસ્તાવેજ કરી આપેલ સદર દસ્તાવેજ પ્રતિવાદીનં–૧ના પિતા પાસેથી વાદીના પીતાશ્રીને તેમની હયાતીમાં રૂપીયાની જરૂર પડતા વ્યાજે રૂા.૫૦૦૦૦/– લીધેલા તેના બદલામાં દસ્તાવેજ કરી આપેલ હતો. અને વધુમાં પોતાની દલીલમાં જણાવે છે કે, વાદીના પિતા તથા પ્રતિવાદીનં–૧ ના પિતાએ તા.૧૧/૧૧/૨૦૦૮ના રોજ ખેતીની જમીનનો અદલા–બદલાનો દસ્તાવેજ કરી આપેલ જેમા વાદીના પિતાએ પ્રતિવાદીનં–૧ ના પિતાને ૧૧ વીઘા જમીન આપવાનુ નકકી થયેલ અને પ્રતિવાદીનં–૧ના પિતાએ વાદીના પિતાને ૮ વીઘા જમીન આપવાનુ નકકી થયેલ આ અદલો–બદલો ૧૮ માસની શરત મુજબ કરેલ હતો અને તે જ દીવસે તા.૧૧/૧૧/૨૦૦૮ ના રોજ જુના રે.સ.નં–૬૩/૨ ક માંથી પુર્વબાજુની ખેતીની જમીનનુ ક્ષેત્રફળ હે.૦–૯૭–૧૨ ચો.મીનો બીજો પાકો દસ્તાવેજ કરી આપેલ વધુમાં પોતાની દલીલમાં જણાવે

છે કે, પ્રતિવાદીનં–૧ ના પિતાશ્રીને કરી આપેલ દસ્તાવેજો ફકત વ્યાજે આપેલ રૂપીયાના બદલામાં થયેલા ત્યારબાદ પ્રતીવાદીનં–૧ના પિતાનુ તા.૧૭/૦૨/૨૦૦૯ ના રોજ અવસાન થતા અદલા–બદલા ના સમજુતીનુ પાલન થઇ શકેલ નહી. અદલા–બદલા વાળિ 'શેડયુલ–એ' માં દર્શાવેલ જમીનનો કબ્જો અમો વાદીના પિતાશ્રી પાસે હતો. ત્યારબાદ હાલ વાદી પાસે છે. વધુમાં પોતાની દલીલ માં જણાવે છે કે, ત્યારબાદ ખેતીની જમીનની કીંમત વધતા પ્રતિવાદીનં–૧ ની દાનત બગડેલ અને 'શેડયુલ–એ' વાળિ જમીન પોતાના નામે ચાડાવેલ ત્યારબાદ પ્રતિવાદીનં–૨નાઓને વેચાણ દસ્તાવેજ કરી આપેલ અને પ્રતિવાદીનં–૨ નાએ પ્રતીવાદીનં–૩ નાઓને 'શેડયુલ–એ' વાળિ જમીનનો વેચાણ દસ્તવેજ કરી આપેલ છે. ત્યારે આ સંદર્ભમાં વાદી દવારા રજુ રાખેલ દસ્તાવેજી પુરવો ધ્યાને લેતા વાદી એ ની.૩/૨ થી સમજુતી કરાર રજુ રાખેલ જે ધ્યાને લેતા વાદીના પિતા તથા પ્રતિવાદી નં–૧ ના પિતા વચ્ચે સમજુતી કરાર શરતોને આધીન થયેલ હોવાનુ માનવાને કારણ રહે છે. પરંતુ સદર સમજુતી કરાર ધ્યાને લેતા તેમા વાદીના જણાવ્યા મુજબ વાદીના પિતાએ પ્રતિવાદીનં–૧ ના પિતા પાસેથી વ્યાજે પૈસા લીધેલ હોવાનુ કોઇ ઉલ્લેખ હોય તેવુ ફલીત થતુ નથી. જેથી વાદીના જણાવ્યા મુજબ તેના પિતાએ વ્યાજે લીધેલ રૂપીયાના બદલામાં વાદીના પિતાશ્રીએ ગઢકડા ગામે આવેલ જુના ખાતા નં–૫૧ ના રે.સ.નં–૬૩/૨ ક પૈકીની પુર્વ બાજુના ભાગમાંથી હે. ૦–૮૦–૯૪ ફકત આધાર માટે તા.૦૧/૦૨/૨૦૦૮ ના રોજ પહેલો દસ્તાવેજ કરી આપેલ હોવાનુ માનવા લાયક જણાતુ નથી. કારણ કે વાદી જે સમજુતી કરાર પર આધાર રાખે છે તે તા.૧૧/૧૧/૨૦૦૮ ના રોજ થયેલા નુ ફલીત થાય છે. જયારે નિ. ૩/૫ થી રજુ થયેલ દસ્તાવેજ ધ્યાને લેતા વાદીના પિતાએ રે.સ.નં–૬૩/૨ ક વાળિ ખેતીની જમીનનો દસ્તાવેજ તા.૦૧/૦૨/૨૦૦૮ ના રોજ પ્રતિવાદી નં–૧ ના પિતાને કરી આપેલ છે. આમ સદર નિ.૩/૨ થી રજુ સમજુતી

કરાર પહેલા ની.૩/૫ થી રજુ થયેલ દસ્તાવેજ નોંધાયેલ હોય ત્યારે વાદીના જણાવ્યા મુજબ તેના પિતાએ પ્રતિવાદીનં–૧ના પિતા પાસેથી વ્યાજે લીધેલ પૈસાના બદલામાં આધાર માટે દસ્તાવેજ કરી આપેલ હતો તેવુ પ્રથમ દ્રષ્ટીએ માનવા લાયક જણાતુ નથી. વધુમાં ની.૩/૬ થી રજુ થયેલ દસ્તાવેજ ધ્યાને લેતા તા.૧૧/૧૧/૨૦૦૮ ના રોજ વાદીના પીતાએ પ્રતિવાદીનં–૧ના પિતાને ગઢકડા ગામની રે.સ.નં–૬૩/૨–ક પૈકી હે.૨–૮૨–૯૭ વાળિ કુલ જમીન માંથી પુર્વબાજુના ભાગેથી હે.૦–૯૭–૧૩ રૂા.૧,૫૫,૫૦૦/–ના અવેજસહ વેચાણ આપેલ હોવાનુ ફલીત થાય છે. તેમજ ની.૩/૫ થી રજુ થયેલ દસ્તાવેજ ધ્યાને લેતા તા.૦૧/૦૨/૨૦૦૮ ના રોજ વાદીના પીતાએ પ્રતિવાદીનં–૧ના પિતાને ગઢકડા ગામની રે.સ.નં–૬૩/૨–ક વાળિ કુલ જમીન માથી પુર્વ બાજુના ભાગેથી હે.૦–૮૦–૯૪ વાળિ રૂા.૨૮,૦૦૦/–ના અવેજસહ વેચાણ આપેલ હોવાનુ ફલીત થાય છે.અને સદર બન્ને વેચાણ દસ્તાવેજમાં અદલા–બદલા થી આપવામાં આવેલ છે. તેવો કોઇ ઉલ્લેખ થયેલાનુ ફલીત થતુ નથી. વધુમાં ની.૩/૯ થી રજુ થયેલ ગઢકડા ગામના ગામ નમુના નં–૬ની હકકપત્રકની નોંધ નં–૭૩૮ તથા ૭૩૯ માં પ્રતિવાદીનં–૧ ના પિતા તા.૧૭/૦૨/૨૦૦૯ ના રોજ અવસાન પામેલાનુ ઉલ્લેખ થયેલ છે. આમ વાદીના જણાવ્યા મુજબ પ્રતિવાદીનં–૧ના પિતા તા.૧૭/૦૨/૨૦૦૯ ના રોજ અવસાન થયેલાનુ રેકર્ડ પરના પુરાવાથી માનવાને કારણ રહે છે. તેમજ નિ.૩/૧૦ થી રજુ વાદીના પિતાનુ મરણ નુ પ્રમાપત્ર ધ્યાને લેતા તેઓ તા.૧૨/૦૯/૨૦૧૯ ના રોજ અવસાન પામેલ હોવાનુ ફલીત થાય છે. આમ વાદીના જણાવ્યા મુજબ નિ.૩/૨ થી રજુ થયેલ કરાર મુજબ પ્રતિવાદીનં–૧ ના પિતાએ તેઓની ૮ વીઘા જમીન વાદીના પિતાને આપવાની હતી તે અંગે પ્રતિવાદી નં–૧ના પિતાને કે તેઓના વારસોને વાદીના પિતાએ તેમની હયાતી સુધી કરારના અમલ પાલન કરવા જણાવેલ હોય કે કોઇ નોટીસ આપેલ હોય કે

અન્ય રીતે જણાવેલ હોચ તેવુ ફલીત થતુ નથી. વધુમાં ની.૩/૯ થી રજુ થચેલ હકકપત્રક ગામનમુના નં–૬ ની નોંધ નં–૭૩૮ તથા ૭૩૯ ધ્યાને લેતા વાદીના પિતાએ પ્રતિવાદીનં–૧ ના પિતાના નામે કરી આપેલ દસ્તાવેજો અન્વ્યે પ્રતિવાદી નં–૧ ના પિતા અવસાન પામતા તેમના વારસોએ દાખલ કરેલ વારસાઇ અન્ટ્રીમાં તપાસણી કરનાર અધીકારીનો શેરો ધ્યાને લેતા ''વાંધો લેનારને અંગત સમજુતી થઇ જતા તથા સમાધાન થતા વાંધો લેનારે રૂા.૨૦/– ના સ્ટેમ્પ ઉપર વાંધો પાછો ખેચી લેવાનુ સોગંદનામુ રજુ થાચ છે તથા જમીન વેચાણ રાખનારનુ અવસાન થચેલ છે. જેથી તેના વારસદારોને નોટીસ બજેલ છે. તથા વેચાણ વાળિ જમીનના ગીરો મુકતીના આધારો રજુ થાચ છે. વાસ્તે નોંધની વીગતે પ્રમાણીત તારીખ–૦૯/૦૭/૨૦૦૯ '' આમ પ્રમાણીત કરનાર અધીકારીના શેરા મુજબ બન્ને નોંધો મંજુર થચેલાનુ ફલીત થાચ છે. અને વાદીના પિતાએ 'શેડયુલ–એ' વાળિ વાદગ્રસત મીલ્કત અન્વચે સમાધાન થતા નોંધો સામે લીધેલ વાંધો પરત ખેંચી લીધેલા હોચ તેમજ ની.૩/૨ થી રજુ સમજુતી કરારના અમલ માટે વાદીના પિતાએ તેમની હચાતી દરમ્યાન કોઇ કાર્યવાહી કરેલાનુ ફલીત થતુ ન હોચ તેમજ સદર વાદગ્રસત 'શેડયુલ–એ' માં દર્શાવેલ મીલ્કત પ્રતિવાદીનં–૧ નાએ પ્રતિવાદીનં–૨ ના ઓને વેચાણ આપેલ ત્યારે વાદીએ કે તેમના પિતાએ વાંધો લીધેલ હોચ તેવુ ફલીત થતુ નથી તેમજ પ્રતિવાદી નં–૩ દવારા ની.૧૯/૦૨ થી રજુ થચેલ પ્રાંતઅધીકારીશ્રી લાલપુરનો હુકમ ધ્યાને લેતા નિ.૩/૮ થી રજુ પ્રતિવાદીનં–૩ ના નામે તા.૨૧/૦૬/૨૦૨૨ ના રોજ થચેલ વેચાણ દસ્તાવેજ અન્વચે રે. રેકર્ડમાં પડેલ નોંધ નં–૧૨૩૦ વિરૂધ્ધ વાદીએ નિ.૩/૧૧ થી રજુ રાખેલ વાંધા અરજી ના મંજુર કરેલ હોવાનુ ફલીત થાચ છે તેમજ પ્રતિવાદી તરફે ની.૨૧/૧ થી રજુ રાખેલ કલેકટરશ્રી જામનગર નો ઠરાવ ધ્યાને લેતા હાલના વાદી દવારા પ્રાંતઅધીકારશ્રી લાલપુરના તા.૨૭/૦૯/૨૦૨૨ ના હુકમ વિરૂધ્ધ

કરેલ રીવીઝન અરજી ના-મંજુર કરેલ હોવાનુ ફલીત થાય છે. અને નિ.૨૧/૧ થી રજુ કલેકટરશ્રી જામનગના હુકમ સામે વાદીએ કોઇ અપીલ રીવીઝન કરેલ હોય તેવુ રેકર્ડ પરથી જણાતુ નથી. વધુમાં પ્રતિવાદી દવારા ની.૧૯/૩ થી ની.૧૯/૫ સુધીના રજુ રાખેલ ગઢકડા ગામના ગામ નમુના નં-૭/૧૨ અને ૮-અ ધ્યાને લેતા 'શેડયુલ-એ' વાળિ વાદગ્રસત મીલ્કત હાલ રેવન્યુ રેકર્ડમાં પ્રતિવાદી નં-૩ ના નામે નોંધાયેલ હોવાનુ ફલીત થાય છે.

૧૩. વધુમાં વાદીએ પોતાની અરજીમાં વાદગ્રસ્ત મીલ્કત પરત્વે કબ્જો ધરાવતા હોવાનુ જણાવેલ છે ત્યારે તે સંદર્ભે વાદી દવારા ની.૩/૧૨ થી રજુ સ્થળપરનુ પંચનામુ ધ્યાને લેતા દાવાવાળિ વાદગ્રસત મીલ્કત પરત્વે વાદીનો કબ્જો આવેલ હોવાનુ દર્શાવેલ છે પરંતુ ઉપર કરેલ ચર્ચા મુજબ વાદગ્રસત 'શેડયુલ-એ' વાળિ મીલ્કત નુ પ્રતિવાદીનં-૧ ના પિતા તરફે વાદીના પિતા દવારા બે અલગ અલગ વેચાણ દસ્તાવેજ થી સને-૨૦૦૮ માં વેચાણ કરી આપેલ હોય તે આધારે 'શેડયુલ-એ' વાળિ વાદગ્રસ્ત મીલ્કત પ્રતિવાદીનં-૧ ના નામે થયેલ હોય ત્યારબાદ ઉતરોતર વેચાણ દસ્તાવેજ ના અધારે 'શેડયુલ-એ' વાળિ વાદગ્રસ્ત મીલ્કત પ્રતિવાદીનં-૨ ના નામે ત્યારબાદ હાલ પ્રતિવાદીનં-૩ ના નામે રેવન્યુ રેકર્ડમાં નોંધાયેલ હોય અને નિ.૩/૨ થી રજુ થયેલ સમજુતી કરાર અન્વયે વાદીના પિતાશ્રી દવારા તેમની હયાતી સુધી કોઇ કાર્યવાહી કરેલ હોવાનુ રેકર્ડ પર આવેલ ન હોય તેમજ પ્રતિવાદીનં-૧ ના પિતાના મરણ બાદ પ્રતિવાદી નં-૧ તથા તેમના અન્ય વારસોના નામે પડેલ નોંધ સામે વાદીના પિતાએ સમાધાન થી વાંધો પરત ખેંચી લીધેલ હોવાનુ રેકર્ડ પર આવેલ હોય તેવા સંજોગોમાં આ તબ્બકે વાદીનો વાદગ્રસત 'શેડયુલ-એ' વાળિ મીલ્કત પરત્વે કબ્જો માની લેવામાં આવેલ તો પણ તે કબ્જો કાયદાનુસાર હોવાનુ ઉપર કરેલ ચર્ચા મુજબ માની શકાય તેમ નથી. આમ ઉપર કરેલ તમામ ચર્ચાના અંતે

વાદી પોતાનો પ્રથમ દર્શનીય કેસ હોવાનુ પ્રસ્થાપીત કરી શકેલ નથી.

૧૪. આમ જયારે વાદી પોતાનો પ્રથમ દર્શનીય કેસ પ્રસ્થાપીત કરી શકેલ ન હોય ત્યારે નામ. સુપ્રીમ કોર્ટ દવારા **Kashi Math Samsthan & Anr vs Srimad Sudhindra Thirtha Swamy & Anr on 2 December, 2009** માં કરેલ અવલોકન અહીં ધ્યાને લેવુ આવશ્યક જણાય છે જેમા નીચે મુજબ ઠરાવેલ છે.

13. It is well settled that in order to obtain an order of injunction, the party who seeks for grant of such injunction has to prove that he has made out a prima facie case to go for trial, the balance of convenience is also in his favour and he will suffer irreparable loss and injury if injunction is not granted. But it is equally well settled that when a party fails to prove prima facie case to go for trial, question of considering the balance of convenience or irreparable loss and injury to the party concerned would not be material at all, that is to say, if that party fails to prove prima facie case to go for trial, it is not open to the Court to grant injunction in his favour even if, he has made out a case of balance of convenience being in his favour and would suffer irreparable loss and injury if no injunction order is granted. Therefore, keeping this principle in mind, let us now see, whether the appellant has been able to prove prima facie case to get an order of injunction during the pendency of the two appeals in the High Court.

૧૫. આમ સદર ચુકાદામાં કરેલ અવલોકન ધ્યાને લેતા આ કામે વાદીઓ પોતાનો પ્રથમદર્શનીય કેસ પ્રસ્થાપિત કરી શકેલ ન હોય ત્યારે ઈરીપેરેબલ લોસ અને સગવડતાની સમતુલાના મુદા અન્વ્યે વિશેષ ચર્ચા કરવી યોગ્ય જણાતી નથી જેથી આ કામેના વાદીઓ પ્રસ્થાપિત સિદ્ધાંત મુજબ, હાલની અરજી નિર્ણય કરતી વખતેના ત્રણેય સિદ્ધાંતો સાબિત કરવામાં સફળ થયેલ નથી તેવા સંજોગોમાં મુદ્દા નંબર–૪ નો જવાબ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

–હુકમ–

૧. આથી, આ કામેના વાદીઓની હાલની આંક–૦૫ ની દીવાની કાર્યરીતિ અધિનિયમની કલમ–૧૫૧ તથા આદેશ–૩૯, નિયમ–૧, ૨ અન્વયેની વચગાળાની મનાઈ હુકમની અરજી આથી "**ના મંજુર**" કરવામાં આવે છે.

૨. ખર્ચ દાવાના આખરી પરિણામ ને અનુસરશે.

આજરોજ તારીખ–૦૭ મી, માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬ ના રોજ ખુલી અદાલતમાં વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

જામજોધપુર.
તા.૦૭/૦૨/૨૦૨૬

(એન.આર.ગોહેલ)
પ્રિન્સીપાલ સિવિલ જજ
જામજોધપુર.
જીજે ૦૧૫૮૪